ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ અને રકતદાન શિબિર યોજાઇ




દાહોદ : નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ એન.એસ.એસ. એકમની સપ્ત દિવસીય ખાસ શિબિર ના ત્રીજા દિવસે ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ અને રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું દાહોદ,તા.19ફેબ્રુઆરી2026નારોજદાહોદઅનાજમહાજનસાર્વજનિક એજ્યુકેશનસોસાયટીસંચાલિતનવજીવનસાયન્સકોલેજ,દાહોદનાએન એસ.એસ. એકમની સપ્ત દિવસીય ખાસ શિબિરમાં મુવાલીયા ગામમાં ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન પી.એચ. સી. સેન્ટર રાબડાલ સાથે કરવામાં આવ્યું જેમાં ૪૦ થી વધુ ગ્રામ જનોએ લાભ મેળવ્યો તેમજ ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદ ના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ, મુવાલીયા ખાતે કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં એન.એસ.એસ. સ્વયંસેવકો, કોલેજ સ્ટાફ તેમજ શાળાના સ્ટાફ સભ્યો દ્વારા 20 યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલની ટીમ હાજર રહી હતી.

### કાલોલની શ્રી સરસ્વતી વિદ્યા મંદિર ખાતે પ્રસસ્ત એપ અંતર્ગત તાલીમ યોજાઇ



કાલોલ : સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કાલોલ બ્લોક ની 8 કલસ્ટરની તમામ સરકારી શાળા/આશ્રમ શાળા/ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની પ્રસસ્ત એપ અંતર્ગત તાલીમ શ્રી સિધ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ કાલોલ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિર ખાતે શુક્રવારે યોજાઇ હતી. જેમાં પ્રશસ્ત ચેકલિસ્ટના ઉપયોગ દ્વારા કેવી રીતે શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને ઓળખી શકાય તે માટે વિવિધ 21 પ્રકારની દિવ્યંગતાની માહિતી તથા એપ્લિકેશન નો ઉપયોગ કેવી રીતે કરવો અને તમામ બાળકોનું સ્કેનિંગ કેવી રીતે કરવું તેની વિસ્તૃત માહિતી તજજ્ઞ સોમાભાઈ રોહિત , હર્ષદ ભાઈ પરમાર ,હીનાબેન સુથાર,હિતેષભાઇ મકવાણા,જીગ્નાશાબેન રાઠવા , પારૂલબેન વણકર, તથા MIS ઈન્દ્રજીત પરમાર દ્વારા ઉપસ્થિત સૌ આચાર્યોને 2 વર્ગોમાં આપવામાં આવી હતી.આ પ્રસંગે 8 ક્લસ્ટરના તમામ CRC કો.ઓર્ડીનેટર હાજર રહ્યા હતા.

### હાલોલ કંજરી રોડ ઉપર શ્રી છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતીની ઉજવણી



હાલોલ : હિન્દુ સ્વરાજ્યના સંસ્થાપક, અદભુત સાહસ તથા શોર્યનું પ્રતીક તેમજ ધર્મ પ્રત્યે સમર્પિત એવા પરમ પ્રતાપી યોદ્ધા શ્રી છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે ગઈકાલના રોજ મરાઠા સમાજ હાલોલ દ્વારા અને કંજરી શ્રી રામજી મંદિરના મહંત પરમ શ્રી રામ શરણ દાસજી મહારાજના અધ્યક્ષ સ્થાને તેમજ હાલોલ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અને ભાજપા ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ જયદ્રસિંહજી પરમાર તથા સહકારી સંઘના ડિરેક્ટર મયુર ધ્વજ સિંહ પરમાર તથા હાલોલ શહેરના અગ્રણીઓ ની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજની ધર્મ અને વીરતાના દાખલાઓને જીવંત કર્યા વિધિ વિધાન મુજબ મહેમાનોનું સ્વાગત અને આરતી પૂજા અર્ચના કરી સૌવે શ્રીછત્રપતિ શિવાજી મહારાજના સ્મરણોની યાદ કરી વંદન કર્યા હતા.

### દાહોદ સ્ટેશન રોડ ઉપર એમ્બ્યુલન્સ અને મોપેડ વચ્ચેના અકસ્માતમાં બેને ઇજા

દાહોદ : દાહોદ શહેરના સ્ટેશન રોડ ઉપર દર્દી લઈને જતી એક એમ્બ્યુલન્સની મોબાઈલ સવાર બે મહિલાઓ આવી જતા ગંભીર રીતે ઈજાગ્રત થવાનો બનાવ બન્યો છે આ ઘટના બનતા લોકો મોટી માત્રામાં ઉમટ્યા હતા જો કે એમ્બ્યુલન્સમાં દર્દી હોવાથી તેને તાત્કાલિકરવાના કરવામાં આવી હતી અને બે ઈજાગ્રસ્ત મહિલાઓને સારવાર અર્થે દવાખાને લઈ જવામાં આવી હોવાની માહિતી મળી છે અકસ્માત સર્જાતા સ્ટેશન રોડ ઉપર લોકો મોટી માત્રામાં ઉમટ્યા હતા ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે આવી મામલો શાંત પાડી અને વધુ તપાસ હાથ ધરી છે બંને ઈજાગ્રસ્ત મહિલા હાલમાં સારવાર હેઠળ હોવાની માહિતી મળી છે..

---

**સોસાયટીના રહીશો હાથમાં પોતાના બચાવ માટે લાકડાના દંડા રાખીને અવરજવર કરી રહ્યા છે**

# કાલોલની વૈભવ લક્ષ્મી સોસાયટીમાં ગાય અચાનક આક્રમક બની જતા 14 જેટલા લોકોને શિંગડે ચડાવ્યા

**સ્થાનીક પાલિકા તંત્ર દ્વારા આ ગાયને રેસ્ક્યુ કરી યોગ્ય રીતે સારવાર આપવામાં આવે તેવી સ્થાનીક લોકોની માંગ**



(પ્રતિનિધિ) કાલોલ, તા.20

કાલોલ નગરના બોરૂ ટર્નિંગ વિસ્તારમાં આવેલી વૈભવ લક્ષ્મી સોસાયટીમાં છેલ્લા અઠવાડિયાથી એક ગાય આક્રમક બની જવા પામી છે અને આવતા જતા વિદ્યાર્થીઓ, શાકભાજીવાળા અને નાગરિકોને પાછળ દોડીને અચાનક હુમલો કરી દેતા હોવાથી આ વિસ્તારની સોસાયટીના રહીશો ખૂબ જ ડરી ગયા છે. જાણવા મળ્યા મુજબ આ ગાયને હડકવા થયો હોય તેવું જણાઈ રહ્યું છે.સામાન્ય રીતે ગાયમાં હડકવા ત્યારે થાય છે જ્યારે કોઈ હડકાયું કૂતરો, શિયાળ કે વરુ તેને બચકું ભરે. ગાયમાં હડકવાના લક્ષણો ખૂબ જ ગંભીર હોય છે.

ગાય અચાનક આક્રમક બની જાય અથવા ખૂબ જ શાંત (સુસ્ત) થઈ જાય. સોસાયટીના સ્થાનિક રહીશ અને આગેવાન ડોક્ટર સુનિલભાઈ દ્વારા એનિમલ એમ્બ્યુલન્સ તેમજ પશુ ચિકિત્સક નો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેઓ આ કામ નગરપાલિકાનું હોવાનું જણાવી રહ્યા છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસર નો સંપર્ક પણ કરવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ગાય પાલતુ પ્રાણીમાં આવતું હોવાનું જણાવી વન્યજીવોની શ્રેણીમાં આવતું નહીં હોવાથી કોઈપણ મદદ થઈ શકે નહીં તેમ જણાવ્યું હતું. આમ હાલ આ સોસાયટીના રહીશો હાથમાં સ્વ બચાવ માટે લાકડાના દંડા રાખીને અવરજવર કરી રહ્યા છે સ્થાનીક પાલિકા તંત્ર દ્વારા આ ગાયને રેસ્ક્યુ કરી યોગ્ય રીતે સારવાર આપવામાં આવે તેવી સ્થાનીક લોકોની માંગ છે.આમ સમગ્ર ઘટનાથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

### દાહોદ જિલ્લાની 102 શાળાઓમાં 10075 બાળકોને આરોગ્ય શિક્ષણ અપાયું



(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ જીલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જીલ્લા પંચાયત દાહોદ દ્વારા જીલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢાના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત ના દિશા સૂચન હેઠળ "ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મુકાયો છે. જે અંતર્ગત જિલ્લાની 102 શાળાઓમાં 10075 બાળકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું જેમા સિકલ સેલ, બાળરોગ, એનિમિયા , ટીબી મેલેરીયા ડેન્ગ્યુ, લેપ્રસી, ડાયાબિટીસ પાણીજન્ય રોગો સ્વચ્છતા, યોગ્ય પોષણકડી અને આરોગ્ય સંબંધિત વિવિધ વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

### દેવગઢ બારિયા તાલુકાના ગામોમાં પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા ત્રણ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર અભિગમ અંતર્ગત વિવિધ ગામોમાં તાલીમ અને મોડેલ ફાર્મની મુલાકાતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા ગ્રામ્ય સ્તરે કલસ્ટર આધારિત પ્રાકૃતિક કૃષિ અમલીકરણ માટે સતત તાલીમ, મોડેલ ફાર્મ મુલાકાત, માર્ગદર્શન સહિતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત દેવગઢ બારિયા તાલુકાના તોયણી, દેવી રામપુરા, ટીડકી જેવા વિવિધ ગામોમાં તાલીમ યોજવામાં આવી હતી. જેમાં કૃષિ સખીઓ તેમજ પ્રગતિશીલ ખેડૂતોએ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની વિગતવાર સમજ આપી હતી. તાલીમો દરમિયાન ખેડૂતમિત્રોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો, કુદરતી ખાતરનો ઉપયોગ, બિયારણ ઉપચાર, જૈવિક જીવાત નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

**ગુનામાં સંડોવાયેલા બંને અમદાવાના વિંઝોલમાં છુપાયા હતા**

## કાલોલ પોલીસે અપહરણ તથા પોક્સોના ગુન્હાના આરોપી તથા ભોગ બનનારને ઝડપ્યા

**પોલીસે** બતામી આધારે સચોટ કાર્યવાહી કરી ગુનાનો ભેદ ઉકેલવા તજવીજ હાથ ધરી હતી

(પ્રતિનિધિ) કાલોલ, તા.20

પંચમહાલ જીલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જીલ્લામાં અપહરણ તેમજ પોકસો એક્ટ મુજબના દાખલ થયેલ ગુન્હાઓમાં બાકી આરોપીઓ શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે આધારે નાયબ પોલીસ અધિક્ષક વી.જે.રાઠોડ હાલોલ વિભાગ ના માર્ગદર્શન હેઠળ કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.ડી.ભરવાડ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો ને હ્યુમન સોર્સીસ તેમજ ટેક્નીકલ સર્વેલન્સ આધારે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે,કાલોલ પોલીસ સ્ટેશનના અપહરણ તથા પોકસો ગુન્હાના કામના આરોપી રાકેશભાઈ ગણપતભાઈ પરમાર ઉ.વ ૨૮ રહે. મોટી શામળદેવી તાલુકા કાલોલ અને ભોગ બનનાર બેન સાથે અમદાવાદ શહેર માં વિંઝોલ ગામે હોય તેવી મળેલ ચોક્કસ બાતમી આધારે અમદાવાદ વિંઝોલ ખાતે જઈ તપાસ કરતાં આરોપી તથા ભોગ બનનાર મળી આવતાં તેઓને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. આમ સમગ્ર બનાવના પગલે પોલીસની સતર્કતા અને મહેનત તેમજ મળેલી બાતમીના આધારે કરેલી કાર્યવાહીના ફળસ્વરૂપે ગુનો કરનાર આરોપી અને ભોગ બનનાર પોલીસના સકંજામાં આવી ગયા છે.

**દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી**

## રૂા.12 લાખના દારૂના જથ્થા સાથે અર્ટીગા ઝડપી, આરોપી કાર છોડી ફરાર

**હોળી-ધૂળેટીના** તહેવારો નજીક આવતા હોઇ દારૂની રેલમછેલ કરાવવા બુટલેગરો તૈયાર

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ જિલ્લામાં પ્રોહીબિશન સંબંધિત ગુનાઓ સામે કડક કાર્યવાહી અંતર્ગત દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મોટી સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સંબંધિત અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લાવવા તેમજ મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યમાંથી ગેરકાયદેસર દારૂની હેરાફેરી અટકાવવા એલ.સી.બી. ટીમને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તે અનુસંધાને એલ.સી.બી. સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન દાહોદ ટાઉન "એ" ડિવિઝન વિસ્તારમાં ગરબાડા ચોકડી પાસે ઈન્દોર-અમદાવાદ હાઈવે પર એમ.પી. તરફથી આવતી એક શંકાસ્પદ સફેદ કલરની મારૂતિ અર્ટીગા કાર (રજી. નં. GJ-06-BV-9756) ને રોકવા ઈશારો કરવામાં આવ્યો હતો. ગાડીચાલકે થોડું આગળ જઈ ગાડી રોડની બાજુમાં ઉભી રાખી અંધારાનો લાભ લઈ ઝાડી-ઝાંખરામાં નાસી ગયો હતો. પોલીસે ગાડીની તપાસ કરતાં તેમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂ તથા ટીન બિયર મળી કુલ ૧,૭૫૦ બોટલો મળી આવી હતી, જેણી કિંમત રૂ. ૫,૦૧,૪૫૬/- ગણાય છે. દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી મારૂતિ અર્ટીગા કાર કિંમત રૂ. ૭,૦૦,૦૦૦/- સાથે કુલ રૂ. ૧૨,૦૧,૪૫૬/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ અંગે દાહોદ ટાવન એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબિશનનો ગુનો નોંધવામાં આવ્યો છે અને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

આમ, દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોટી માત્રામાં ગેરકાયદેસર દારૂ ઝડપી પ્રોહી ગણનાપાત્ર ગુનો શોધી કાઢવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે.

**મહિલા દુકાન પર કપડા સીવડાવવા આવી હતી દરમિયા પાકીટ ભુલી ગઇ**

## કાલોલના અર્જુનભાઇ પરમારે મહિલાનું પૈસા ભરેલું પર્સ પરત કર્યું



(પ્રતિનિધિ) કાલોલ, તા.20

કાલોલ નગર ના બોરું ટર્નિંગ વિસ્તારમાં માઁ શક્તિ ટેલર ના માલિક અને દરજીકામ કરતા અર્જુનભાઈ ભાઈલાલભાઈ પરમાર ની લેડીઝ ના કપડાં સિવવાની દુકાન આવેલ છે અને તેઓ દરજીકામનું ઉત્તમ કાર્ય કરે છે જેટલી જ એમની કામની ચોકસાઈ છે એટલા જ એમના જીવન ના વિચારો આદર્શ ઉત્તમ છે અર્જુનભાઈ ની દુકાન પર બોરું ટર્નિંગના અમીન કોમ્લેક્સ ના માલિક અને નિવૃત પ્રાથમિક શિક્ષિકા વર્ષાબેન દેસાઈ તેમની દુકાને પોતાના બ્લાઉઝ સિવડાવવા અને સાડી ને ફોલ ઈન્ટરલોક કરાવવા ગયેલ હતા ત્યાં સિવડાવવાના કપડાં આપીને પોતાના ઘરે જતા રહેલ હતા ત્યારબાદ જ્યારે અર્જુનભાઈ દ્વારા કપડાં સિવવા માટે સાડીઓ ખોલતાં સાડીમાં મૂકી રાખેલ રૂ .13,500/- જેટલી મોટી રકમ નું નાનું પર્સ મળી આવતા તેમને તાત્કાલિક બેન ને ફોન કરીને તેમને પર્સ પરત કરેલ હતું. અર્જુનભાઇ ની ઈમાનદારી જોઈને બેન ભાવુક થઈ ગયાં હતા.

### દાહોદના યુવાઓ વિધાનસભા દીઠ યોજાનાર યુથ એસેમ્બલી કાર્યક્રમમાં જોડાશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજિત અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દાહોદ દ્વારા સંચાલીત "યુથ એસેમ્બલી કાર્યક્રમ' ૨૦૨૫-૨૬' નું આયોજન વિધાનસભા દીઠ થનાર છે. જેમાં દાહોદ જિલ્લાના ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ પોતાની વિધાનસભાના વિસ્તારમાં ભાગ લઇ શકશે. ભાગ લેનાર સ્પર્ધકે અત્રેની કચેરી દ્વારા આપેલ વિષય પર પાંચ થી દસ મિનીટ વક્તવ્ય આપવાનું રહેશે.

### દાહોદમાં દિલ્હી ખાતે AI સમિટમાં કોંગ્રેસ દ્વારા થયેલ શેમલેસ ષડયંત્ર માટે રાહુલ ગાંધીના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો



**દાહોદ** : સ્માર્ટ સિટી દાહોદના ગાંધી ચોક ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા યુવા મોરચાની આગેવાનીમાં દિલ્હી ખાતે AI સમિટમાં કોંગ્રેસ દ્વારા થયેલ સેમલેસ ષડયંત્રનો રાહુલ ગાંધીના પૂતળા દહન કરી ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો આ વિરોધ પ્રદર્શનમાં ભાજપા દાહોદ શહેરના પ્રમુખ અને FCI ગુજરાત રાજ્યના સદસ્ય અર્પિલ શાહ, દાહોદ નગર ભાજપા ના મહામંત્રી સત્યેન્દ્રસિંહ સોલંકી, નગરપાલિકાના પ્રમુખ નીરજ દેસાઈ દાહોદ જિલ્લા ભાજપા યુવા મોરચાના પ્રમુખ હાર્દિક પટેલ તથા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ઝાલોદ તાલુકા પંચાયત કચેરી સામે નગરજનોએ ફટાકડા ફોડી ઉજવણી કરી**

## દાહોદ તાલુકા વિકાસ અધિકારી કલ્પેશ ગઢવીની બદલીથી નગરમાં ખુશીનો માહોલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

ગુજરાત સરકાર દ્વારા વહીવટી તંત્રમાં મોટા પાયે ફેરબદલ કરવામાં - આવતા રાજ્યના ૫૯ તાલુકા વિકાસ અધિકારીઓ (TDO) ની બદલીના આદેશ જારી કરવામાં આવ્યા છે. આ યાદીમાં ઝાલોદના તાલુકા વિકાસ અધિકારી(TDO) - કલ્પેશ ગઢવીનું નામ આવતાં જ સ્થાનિક રાજકારણ અને પ્રજામાં ભારે હલચલ મચી જવા પામી હતી. સામાન્ય રીતે કોઈ અધિકારીની - બદલી થાય ત્યારે ફરજકાળ - દરમિયાન તેને આપેલી સેવાને બિરદાવવા વિદાય સમારંભ યોજાતા હોય છે. પરંતુ ઝાલોદમાં - સ્થિતિ સાવ ઉલટી જોવા મળી હતી. - કલ્પેશ ગઢવીની ભાવનગર ખાતે બદલીના સમાચાર મળતાની સાથે જ પંચાયત કચેરી બહાર લોકોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી.

આ ઘટના સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઝાલોદ તાલુકા વિકાસ અધિકારી તરીકે કલ્પેશ ગઢવીનો કાર્યકાળ વિવાદોથી ભરેલો રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેમની કામ કરવાની પદ્ધતિ અને અરજદારો પ્રત્યેના વલણને લઈને લોકોમાં લાંબા સમયથી છૂપો રોષ જોવા મળી રહ્યો હતો. ગુરુવારે જેવી તેમની બદલીની સત્તાવાર જાહેરાત થઈ કે તરત જ મોટી સંખ્યામાં લોકો ઝાલોદ તાલુકા પંચાયત કચેરી આગળ એકઠા થઈ ગયા હતા અને લોકોએ જાહેરમાં આતસબાજી કરી હતી.

જેનાથી સ્પષ્ટ સંદેશ ગયો કે લોકો તેમની વિદાયની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. વિકાસ કમિશનરની કચેરી દ્વારા જારી કરાયેલા હુકમ મુજબ વહીવટી સરળતા ખાતર રાજ્યના અલગ અલગ તાલુકાઓ ના ૫૯ તાલુકા વિકાસ અધિકારીઓ (TDO)ને બદલવામાં આવ્યા છે.

**ભારે પવન સાથેના માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી: મકાઇ-ચણાના તૈયાર પાક પર સંકટ**

## દાહોદ શહેર-જિલ્લામાં કમોસમી માવઠાથી ખેતી પાકને પારાવાર નુકસાનની ભીતિ



(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે એક તરફ શિયાળો વિદાય લઈ રહ્યો છે અને ઉનાળાના આગમન સાથે ગરમીનો પારો ધીમે ધીમે વધી રહ્યો છે તેવા સમયે આજે વહેલી સવારથી અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને દાહોદ શહેર સહિત જિલ્લાના લીમડી, લીમખેડા, ઝાલોદ, સિંગવડ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કાળા ડિબાંગ વાદળોની ફોજ ઉતરી આવી હતી અને તેજ પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. સતત બીજા દિવસે પડેલા આ માવઠાને કારણે સમગ્ર જિલ્લામાં ઠંડક તો પ્રસરી છે પરંતુ જગતનો તાત આર્થિક પાયમાલીના ડરથી ભારે ફફડાટ અનુભવી રહ્યો છે. નોંધનીય છે કે ચાલુ વર્ષે ચોમાસાની ઋતુના અંતિમ તબક્કામાં પડેલા ભારે વરસાદને કારણે જિલ્લાના ખેડૂતોનો તૈયાર થયેલો ડાંગરનો પાક -ખેતરોમાં જ સડી ગયો હતો. ખેડૂર્તાએ એ મોટું નુકસાન વેઠીને, દેવું કરીને પણ માંડ માંડ શિયાળુ પાકનું વાવેતર કર્યું હતું. હવે જ્યારે ખેતરોમાં ઘઉં, ચણા અને મકાઈનો પાક લણવાની અણી પર છે, ત્યારે જ કુદરતે ફરી કહેર વર્તાવ્યો છે. ખેડૂતોના મોં સુધી આવેલો કોળીયો છીનવાઈ જવાની ભીતિ વચ્ચે ગ્રામ્ય પંથકોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે.